# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૫/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 5015-1    તારીખ: 29-7-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
અગ્રાવત સતીસ જેન્તીલાલ
ગોકુલ નગર -૪, - જ્યોતિ પ્લાસ્ટિક, ગોકુલ ધામ પાછળ, ,
મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૨
મોબાઈલ : ૯૯૨૫૫૧૪૨૦૦

વિષય : સિક્યોરીટી ડીપોઝીટ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૦-૦૬-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૫/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ઉદ્યોગનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૫/ક્વા-૧/૧૯-૨૦/ તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૫/ક્વા-૧/૧૯-૨૦

| | | |
|---|---|---|
| અરજદાર: | અગ્રાવત સતીસ જેન્તીલાલ | ગામ: રાજકોટ |
| રજુઆત કરનાર: | અરજદાર હાજર રહેલ નથી | |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર પીજીવીસીએલ –શહેર વિભાગીય કચેરી નં – ૨ રાજકોટ |
| રજુઆત કરનાર: | એન.ડી.રૂઘાણી - કાર્યપાલક ઇજનેર વિભાગીય નં – ૨ રાજકોટ |

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., શહેર વર્તુળ કચેરી – રાજકોટ |
| તારીખ: | ૧૬-૦૭-૨૦૧૯ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૬-૦૭-૨૦૧૯ (શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ ત્યારે હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર અગ્રાવત સતીસ જેન્તીલાલ ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૫૫/ક્વા-૧/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ ના વીજજોડાણ મા વીજભાર ઘટાડો કરી ૧૫ કીવો કરાવેલ છે, જેમા ડિપોઝીટ રૂ.૫૯,૦૦૧/– જમા છે, જે રીફંડ માટે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી અગ્રાવત સતીસ જેન્તીલાલ ના વીજજોડાણ નં.–૩૧૫૦૧/૬૧૩૮૭/૧ માં વીજભાર ઘટાડો કરી અને ૧૫ કીવો નુ કરાવેલ. જે અન્વયે જુની ડિપોઝીટ રૂ.૫૯,૦૦૧/– જમા છે, જે ૧૫ કીવો ની ડિપોઝીટ બાદ કરીને વધારાની ડિપોઝીટ રકમ રૂ.૫૩,૪૦૪/– ચેક અરજદારને અપાયેલ છે. આમ,અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થતા – અરજદારે લેખીત સમાધાનપત્ર તા.૦૯–૦૭–૧૯ થી સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા - અરજદારે સમાધાન પત્ર તા.૦૯–૦૭–૧૯ થી લેખીત સંમંતીપત્ર મા સહી કરી આપેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot